

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ધોરણ ૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થી હંસલ શાહે ભોપાલ ખાતે સોફ્ટ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલી સોફ્ટ ટેનિસ સ્પર્ધાના અન્ડર-૧૮ વિભાગમાં મધ્ય પ્રદેશને હરાવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, વ્યાયામ શિક્ષક નદીમ મેમણ દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી હંસને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં

# વિદ્યાર્થિનીઓ માટે વિશેષ વક્તવ્ય યોજાયું



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની વિદ્યાર્થિનીઓ માટે વુમન ડેવલપમેન્ટ સેલના સહયોગથી ઋતુચક્ર દરમિયાન થતા ફેરફારો અને તેમાં પણ સ્વસ્થ રહેવાના વિષય અંતર્ગત વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. વેદાંગી દવે દ્વારા વિષય અન્વયે વિદ્યાર્થિનીઓ સમક્ષ વિગતે વાત કરવામાં આવી હતી તથા વિદ્યાર્થિનીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબો પણ પાઠવવામાં આવ્યા હતા. વુમન ડેવલપમેન્ટ સેલનાં સંયોજક ડૉ. વર્ષા પારેખ અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા આ ઉપયોગી અને સમયસરની માહિતી બદલ ડૉ. દવેની સરાહના કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



પુષ્પાબેન પરમાર
આશાપુરા ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



હાર્દિક સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ દ્વારા

# વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના એનએસએસ યુનિટ તથા વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. એમ એમ ચૌધરીએ યોગનું મહત્ત્વ ઉજાગર કર્યું હતું. નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, ગાંધીનગર દ્વારા ઈન્ટરનેશનલ નેચરોપેથી ઓર્ગેનાઈઝેશનના સહયોગથી પાંચ દિવસીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન એનએસએસ યુનિટના સંયોજક ડૉ. નરેન્દ્ર કે પટેલ અને વ્યાયામ, યોગ, ખેલકૂદ ધારાના કન્વીનર પ્રા. વિનોદભાઈ આર ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. વર્ષા દવે, આરતી અખાની અને ચેતના ઝવેરી દ્વારા નિષ્ણાત તરીકે સેવાઓ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ઉપરાંત ચૌધરી કૉમર્સ કૉલેજની વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકો જોડાયા હતા.

# આરાધના વિદ્યાવિહાર દ્વારા યોગ દિવસની ઉજવણી



આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ), સૅક્ટર-૨૮ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી ઉત્સાહી વાતાવરણમાં કરવામાં આવી હતી. ટ્રસ્ટી, આચાર્ય, વ્યાયામ શિક્ષક દ્વારા જીવનમાં યોગની મહત્તા અને તેના ફાયદા વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સાથે મળીને યોગાસનો કર્યા હતાં અને પોતાનામાં રહેલી સકારાત્મક ઊર્જાનો લાભ મેળવ્યો હતો.

# શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે વાલી મીટિંગ યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે શનિવારે વાલીમીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓના વાલીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા, જેમની સાથે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને સર્વાંગી વિકાસ બાબતે વિગતે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. વાલીઓ તરફથી મળેલા પ્રતિભાવ, સૂચનોનો પણ શાળાએ સ્વીકાર કર્યો હતો. આચાર્ય મીનાબેન ચૌધરી અને ઈજુબેન દ્વારા આ મીટિંગનું આયોજન થયું હતું.

# ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાય




ગાંધીનગર, તા. ૨૩

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૩૦, ગાંધીનગર ખાતે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય મેહમાન તરીકે ઉદગમ પરિવારના મોભી ધ્રુવભાઈ જોશી, અતિથી વિશેષ તરીકે ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ સંજય થોરાત 'સ્વજન' સામાજિક કાર્યકર મનોજભાઈ જોશી, પરમજીત કૌર છાબડા, વૈજંતીબેન ગુપ્તે, ચાણક્ય જોશી તથા ઉદગમના વોલિયન્ટરે હાજરી આપી હતી. શાળાના આચાર્ય રાજેશભાઈ સોનીએ સહુનું સ્વાગત કર્યું હતું. ઉદગમ ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટી ડો. મયુર જોશીએ સહુ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા સંસ્થા દ્વારા શાળામાં કરવામાં આવતી વિવિધ કામગીરીની માહિતી આપી હતી. સંજય થોરાતે બાળકોને પ્રેરણાત્મક વાર્તા કહી હતી. ધ્રુવભાઈ જોશીએ બાળકોને ભણીને ખુબ આગળ વધવા અને પરિવારનું નામ રોશન કરવાના આશીર્વચન આપ્યા હતા.

પ્રથમ ધોરણમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને દફતર આપીને શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ઉપરાંત દરેક વિદ્યાર્થીને સમગ્ર વર્ષ દરમ્યાન ચાલે એટલા ચોપડા, નોટબુક, પેન્સિલ, રબર, સંચા, કલર બૉક્સ વગેરે વસ્તુઓ આપવામાં આવી હતી. ધોરણ ૯ની વિદ્યાર્થીની રાજનંદીનીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# ગાંધીજીનો વિનોદ

॥ ૬૪મો મણકો ॥

**મુક્ત હાસ્ય**




દસ વરસ પર જ્યારે એમની ખ્યાતિ સર્વોચ્ચ શિખરે પહોંચી હતી ત્યારે એક જોવાલાયક વ્યક્તિ તરીકે તેમના તરફ લોકોનું ધ્યાન ઘણું વધારે ગયું હતું. તેથી લોકોએ એમનાં કાર્યો તરફ પૂરતું ધ્યાન ન આપ્યું. છતાં એને લીધે ગાંધીજીનું પ્રેમાળપણું ને એમનું સ્વાભાવિક વર્તન વધારે દેખાઈ આવ્યાં ખરાં. એ બધી પ્રસિદ્ધિ જોઈને એમને તો રમૂજ જ પડી હશે. એમના મોહક ગુણોમાં એક છે એમનું બાળકના જેવું તોફાનીપણું. એમની વિનોદવૃત્તિ એમને નિરંતર સુખમાં રાખે છે. તમે જો તમારું સ્વમાન સાચવીને ચાલો તો એમની સાથે તમારું ગાડું સરસ ચાલે. તમે હળવા વિષયો વિશે વાતો કરો તો તેઓ ચિડાતા નથી. તેમનામાં આત્મગૌરવ ઘણું છે છતાં તેઓ ભારેખમ બનીને બેસતા નથી. તેઓ ક્યારેક મજાક ઉડાવે છે ને તમને એમની સામી મજાક પણ કરવા દે છે.

- એડવર્ડ થોમસન

સામાન્ય રીતે સાંજનો જમવાનો એ સમય હળવી વાતચીતોમાં પસાર થતો. અને વિનોદ ને ટોળટપ્પા ઘણા થતા. એ વખતમાં ગાંધીજીની વિનોદવૃત્તિ બહુ તીવ્ર હતી. કંઈક રમૂજવાળી વાત આવે કે તેઓ ખડખડાટ હસી પડતા.

દરેક વસ્તુની રમૂજી બાજુ જોવાનું ગાંધીજી કદી ચૂકતા નથી. ઘણા વસમા બનાવોનો દુખદ અંત આવતો અટકાવવામાં તેમનું સ્મિત અને તેમના મુખમાંથી નીકળેલા થોડાક ઠંડા પાડનારા શબ્દો ઘણો ફાળો આપતા.

- મીલી ગ્રેહામ પોલાક

જ્યારે જ્યારે અમે તેમને મળ્યા કે તેઓ અમને મળ્યા ત્યારે ગાંધીજીની વિનોદવૃત્તિએ એ બધા જ પ્રસંગોને આહ્‌લાદજનક બનાવ્યા હતા.

- જે ઝેડ હોજ

એમની વિનોદવૃત્તિ અખૂટ છે.

- લૉર્ડ માઉન્ટબેટન

તેઓ ઘણું સ્મિત કરે છે. પ્રસંગોપાત ખડખડાટ હસે છે. તેમનામાં તીવ્ર વિનોદવૃત્તિ છે અને જ્યારે તેઓ આશ્રમમાં હોય છે ત્યારે બાળકો સાથે રમે છે ને ગેલ કરે છે.

- ડૉ. શેરવૂડ એડી

એમના વિનોદની મનોહરતા મુગ્ધ કરે એવી છે.

- કાલ હીથ

એક વસ્તુ જોઈ ઘણા અંગ્રેજ લોકોને આનંદ થયો. તેમણે જોયું કે મહાત્માજીમાં પણ આપણા જેવી વિનોદવૃત્તિ છે અને જે વસ્તુઓ જોઈને આપણે હસીએ છીએ તે જોઈને તેઓ પણ હસે છે.

- કુમારી ડૉ. મૉડ રૉઈડન

ગાંધીજી સાથેની ચર્ચા કે વાતચીત પછી કોઈને એવી છાપ પડતી નથી કે તે વૃદ્ધજનને મળીને આવે છે. યુવકનો થનગનાટ અને બાળસહજ ગમ્મત-વિનોદ તેઓ સદાય જાળવી રાખે છે. જેને દુખો કે વૃદ્ધાવસ્થા કરમાવી શકતાં નથી.

- એ કૅમ્પબેલ જૉન્સ

ગાંધીજીનો વિનોદ સામાન્ય કક્ષાનો ન હતો. તેઓ વિનોદની શાબ્દિક રમત રમતા ન હતા. તેમનામાં વિદૂષકની વૃત્તિ પણ ન હતી. તેમણે રમૂજભરેલી વાર્તા પણ ભાગ્યે જ કહી હશે. પણ તેમનામાં એટલી વિનોદવૃત્તિ હતી કે જે પોતાની સામે કે પોતાના રાષ્ટ્રની સામે થયેલી રમૂજ પર પારખી લેતા. અને પરિસ્થિતિના કઢંગાપણાને પણ તરત સમજી લેતા.

- વેરિયર એલ્વિન

**'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર**

# માતૃભાષા અને સંસ્કૃતિ વચ્ચેનો અભિન્ન સંબંધ

**માતૃભાષા-ચિંતન**

**હર્ષદ પ્ર. શાહ**

શ્રી અમૃતલાલ યાજ્ઞિકે આ કથનને પુષ્ટ કરતાં કહ્યું છે : 'ખરી કેળવણીનું કુદરતી માધ્યમ માતૃભાષા છે એમ જગતના તમામ કેળવણીકારોએ કહ્યું છે. તેનું કારણ બાળકની જન્મભાષા માતૃભાષા હોય છે. તેથી એ ભાષા દ્વારા જ પોતાનાં માતા-પિતા, ભાઈ-બહેનો, સગાવહાલાં, સંબંધીઓ અને સમાજને ઓળખતું થાય છે. એ ભાષા દ્વારા જ તેના હૃદયની લાગણીઓ, તેના ભાવો અને વિચારો પ્રગટ થાય છે. ેટલે તેની લાગણી અને વિચારશક્તિ પ્રથમ માતૃભાષા દ્વારા પ્રગટ થાય છે, પોષાય છે અને વિકાસ પામે છે... તે કોઈ પણ માણસ સહેજ બાળહૃદય અને બાળમનનું નિરીક્ષણ કરશે તો તરત સમજાય એવી કુદરતી ઘટના છે. જેમ, જે ભૂમિ ખેડાય, જેમાં જે જાતનાં બીજ વવાય અને તેમાં જોઈતું પાણી સીંચાય, પછી તેમાંથી અંકુરો ફૂટે... પછી સમય જતાં તેમાંથી છોડ ઊગે, તે મોટા થાય અને છેવટે થડ, ડાળી, પાંદડાં, ફૂલ અને ફળ થાય.... તે જ રીતે બાળકની પ્રથમ ફળદ્રુપ ચિત્તભૂમિમાં બુદ્ધિ તેમ જ લાગણીનાં બીજ વવાય, તેમાં સિંચન-પોષણ પ્રેમભરી કાળજીથી કરાય તો એ બાળચિત્તમાંથી ભાવના અને વિચારના અંકુરો પ્રગટ થાય. ઊંમર થતાં હળવે હળવે કોમળ છોડ ખીલે, વધે, મજબૂત બને અને બુદ્ધિ તથા ચારિત્ર્યનું થડ સુદૃઢ બને, તેમાંથી વિદ્યાસંસ્કારની ડાળીઓ વિસ્તરે, કાર્યપાંદડાં ચારે બાજુની ડાળીઓમાં લીલાં અને સુંદર ઊગે, તેમાંથી તેનાં ચારિત્ર્યફૂલો ઊગે ને કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને માનવજાતિને તેનાં સુગંધ અને સ્વાદ મળે તેવી કુદરતી રચના હોય તેમ લાગે છે. પછી એવા શિક્ષણનાં ફળ મીઠાં જ હોય.'

કેરી જેવી ભારતની ભૂમિમાં ઊગે તેવી બીજા દેશોમાં ન ઊગે. વિદેશની ધરતી પર ઊગતાં ફળને ભારતની ધરતી માફક ન આવે. ભૌગોલિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિવેશની ઊંડી અસર પ્રત્યેક સજીવ પર પડે છે. આ સાહજિગતા અને સ્વાભાવિકતા જ માનવનો અપેક્ષિત વિકાસ કરી શકે. તેથી કોઈ અન્ય પ્રદેશમાં પાંગરેલી ભાષાને આપણા શિક્ષણના માધ્યમ તરીકે અપનાવી લેવી એ કેવળ અસ્વાભાવિક કે અસાહજિક કે અવૈજ્ઞાનિક જ નહીં, મૂર્ખતા પણ છે. એવા અકુદરતી માધ્યમને ગળે વળગાડીને ફરવાથી મનુષ્યનો વિકાસ પણ નહીં થાય અને એની મૌલિકતા પણ પ્રગટ નહીં થાય. આપણી જીવનશૈલી પર માધ્યમની ખૂબ ઘેરી અસર હોય છે. પરભાષાનું માધ્યમ તો દંભ અને અસ્વાભાવિકતાનું જ સામ્રાજ્ય સર્જશે.

કુંદનિકા કાપડિયાના વિચારો પણ આ સંદર્ભે માણીએ : 'આપણા ભાષા-સાહિત્યમાં પ્રાણ સીંચવા માટે ઘણા ઉપાયો હશે. એમાંનો એક એટલે માતા-પિતાનો ભાષાપ્રેમ. માબાપને જ જો પોતાના સાહિત્ય-વારસાનું ગૌરવ નહીં હોય, પોતાની માતૃભાષાનું ભાષાભિમાન નહીં હોય તો આપણે નવી પેઢીને ગમે તેટલો કક્કો ઘુંટાવીશું તો પણ તે કામ નહીં આવે.'

થોડા વખત પહેલાં એમ. વી. કામથે કોંકણી ભાષા વિશે 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં સરસ લેખ લખ્યો હતો. કોંકણીને એક ભાષા તરીકે મિટાવી દેવાના અથાક પ્રયત્નો થયા પણ કોંકણીએ આજ સુધી મચક આપી નથી. કોઈ રાજ્ય કે રાજકીય પરિબળો ભાષાનો વાળ વાંકો કરી શકતા નથી, જો લોકોની નાડમાં ભાષાનો પ્રેમ વહેતો હોય.

માતૃભાષાના વિચારને પ્રબળ રીતે નસેનસમાં વહેતો કરવાનું કામ માતાપિતા અને શિક્ષકો ઉત્તમ રીતે કરી શકે... પાયામાંથી, ગળથૂથીમાંથી.

લાલબહાદુર શાસ્ત્રીજીએ કહ્યું છે, 'માતૃભાષા એ માત્ર ભાષા નથી !' એ બીજું ઘણુંબધું છે એ સમજવું રહ્યું. જગતની કોઈ ભાષા સાથે આપણને દ્વેષ નથી... કોઈ પણ સાચા ભારતીયને હોઈ શકે નહીં, પણ માતાનું સ્થાન માસી કે પ્રેમાળ પડોશણ લઈ શકે નહીં. માતૃભાષાના પ્રબળ આધાર પર વિશ્વની કોઈ પણ ભાષા શીખવા જેટલા સમર્થ અને ખુલ્લા મનનાં આપણે છીએ. અને હા, જો યોજનાપૂર્વક આપણું સત્ત્વ હણવા અને આપણી ભાષાને ખતમ કરવાનો બદઈરાદો કોઈ ભાષા ધરાવતી હોય તો આપણે એ માટે સતર્ક પણ છીએ અને રહેવું જોઈએ. ખુલ્લા મનના હોવું સારું છે કે એવું મન જગતની બધી સારી બાબતોને આવકારે... પણ આપણે એટલા ભોળા કે મૂર્ખ પણ ન બનીએ કે કોઈ આપણને ગળી જાય. આ તથ્ય સમજવા માટે એક અંગ્રેજી ઉક્તિનો આધાર લઈએ...

**Not too loose, not too tight, just right !**

નાનપણથી જ માતૃભાષાનું પીયૂષ પરિવારજનોએ ઘૂંટીઘૂંટીને પિવરાવવું જોઈએ. ઘરમાં માતૃભાષામાં બોલવાનો મહાવરો કેળવવો જોઈએ. માતૃભાષાનાં સુંદર પુસ્તકો અને મેગેઝીનોને ઘરના ગ્રંથમંદિરમાં સ્થાન આપવું જોઈએ. બાળકના સ્વભાવ, એની રહેણીકરણી, એની રીતભાત અને એના વર્તન-વ્યવહાર પર માતૃભાષાનો જ પ્રભાવ નિર્માણ કરવો જોઈએ... અને, એવું જો નહીં કરીએ તો કેવું પરિણામ આવશે એ નીચેનાં ઉદાહરણો પરથી સમજાશે.

એક બાલિકાએ એના ઘરે આવેલા મહેમાનનું સ્વાગત કરતાં કહ્યું, 'અંકલ, અંકલ, જે.કે.' મહેમાનને કંઈ સમજાયું નહીં. એમણે દીકરીને પૂછ્યું, 'બેટા, જે.કે. એટલે શું ?' દીકરીએ હસી પડતાં કહ્યું, 'અંકલ, જે.કે. એટલે જય શ્રીકૃષ્ણ !'

મહેમાન હસ્યા તો ખરા પણ કંઈક ઊંડા વિચારમાં ડૂબી ગયા. ભાવપૂર્ણ અભિવાદનને અંગ્રેજીનાં કપડાં પહેરાવી દેવાં... આનાથી વધુ મોટો ઉપહાસ સંસ્કૃતિનો શો હોઈ શકે ?

એટલે જ ઘણા કહે છે, ભાષા જાય તો સંસ્કૃતિ જાય. પરભાષા એનાં આંગળિયાતને અને એની વિકૃતિઓને સાથે લઈને જ આવે છે. એટલે આપણાં કુટુંબોમાં બાળકોના ઉછેર પ્રત્યે કેટલું સભાન રહેવું જોઈએ ?

બાળકના જીવનશિક્ષણની અને જીવંત શિક્ષણની અર્થાત કેળવણીની જવાબદારી પરિવારની છે. માટે વર્તમાન સમયમાં અત્યંત મહત્ત્વનો વિષય બની જાય છે - પરિવાર પ્રબોધન.

જ્યારે કોઈ રાષ્ટ્ર પર એક વિદેશી ભાષા આધિપત્ય જમાવે છે ત્યારે તે રાષ્ટ્રની સંસ્કૃતિ પર મોટો ભય ઊભો થાય છે.

સંસ્કૃતિ શું છે ? આપણા પૂર્વજોએ વિચાર અને કર્મના ક્ષેત્રે જે કંઈ શ્રેષ્ઠ કર્યું છે તેનું નામ સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ ભાષાના માધ્યમ વડે જીવિત રહે છે. જો ભાષા જ નાશ પામે તો સંસ્કૃતિનું નામનિશાન રહેતું નથી. સંસ્કૃતિએ જે આદર્શો અને મૂલ્યોને હજારો વર્ષોના અનુભવ પછી નિર્માણ કર્યા છે તે વિસ્મૃતિના ગર્ભમાં વિલીન થઈ જાય છે.

શું આવું થાય તો આપણને પાલવશે ?

કુટુંબ તો રાષ્ટ્રનું લઘુરૂપ છે, સંસ્કૃતિનું સંચયકેન્દ્ર છે. કુટુંબ જો માતૃભાષાનો અનહદ પ્રેમ બાળકમાં નિર્માણ કરશે અને સાચા અર્થમાં કેળવણી આપશે તો આપણને જેવો જોઈએ છે તેવો બાળક, અને જેવો જોઈએ છે તેવો ઉત્તમ મનુષ્ય પ્રાપ્ત થશે.

પ્રતિભાવ આવકાર્ય -
matrubhasha.gaurav@gmail.com